આ સંમેલનમાં શ્રી અમિતભાઈ શાહે સહકારી ક્ષેત્રની સિદ્ધિઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, આપણા દેશમાં વૈદિક કાળથી સહકારની પરંપરા ચાલે છે. જેમે પંચાયત, ચોપાલ, સમિતિ, ભંડારા, લંગર, ચૂલો, સામુદાયિક ભોજન, ઘણી રીતે, સાથે બેસીને, વિચારીને, ખાઈને અને કામ કરીને, આ આપણા સમાજની પરંપરા રહી છે. આપણી સહકારી પરંપરાને



વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 2021માં સહકાર મંત્રાલયની સ્થાપના કરીને કાયદાકીય સ્વરૂપ આપ્યું છે. 8.40 લાખની વધુ મંડળીમાં 31 કરોડ સભાસદો જોડાયેલા છે. આ મંડળીઓ દૂધ, બેન્કિંગ, ખાંડની મિલો અને ડિજિટલ પેમેન્ટ જેવા ક્ષેત્રોમાં દેશના આર્થિક વિકાસમાં યોગદાન આપી રહી છે. આ મંત્રાલયના ચાર વર્ષમાં 60થી વધુ પહેલ કરવામાં આવી છે.

જેણે 840000થી વધુ સમિતિઓમાં નવો પ્રાણ ફૂંકવાનું કામ કર્યું છે. દૂધથી લઈને બેંકિંગ સુધી, ખાંડની મિલોથી લઈને માર્કેટિંગ સુધી અને ધિરાણથી લઈને ડિજિટલ ચુકવણી સુધી, આજે સરકારી સમિતિઓ દેશના આર્થિક વિકાસમાં કાર્યક્ષમતા સાથે યોગદાન આપી રહી છે.

# ખેતી બેન્કે 2024-25માં રૂ.103.10 કરોડનો વિક્રમી નફો નોંધાવ્યો

અમદાવાદ : ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ બેન્ક લિ. (ખેતીબેન્ક)ની બોર્ડ ઓફ ડિરેક્ટરની બેઠક મળી હતી. આ બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી બેંકના ચેરમેનશ્રી ડોલરભાઈ કોટેચાએ જણાવેલ કે ખેડૂતોને કૃષિ સંલગ્ન તમામ આર્થિક સહાય કરવા સદાય તત્પર રહેતી ખેતી બેંક સફળતાના શિખરો સર કરી રહી છે.

દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહની "સહકારથી સમૃદ્ધિ"ની પરિકલ્પનાને સાકાર કરવા માટે પણ ખેતી બેંક પ્રયત્નશીલ છે. બેંકના તમામ ડિરેક્ટર્સની ઉપસ્થિતિમાં વર્ષ 2024-25ના હિસાબો રજુ કરવામાં આવ્યા હતા. જેમાં ખેતી બેંકે રૂ.103 કરોડનો ગ્રોસ નફો અને રૂ.67 કરોડનો નેટ નફો કર્યો છે. છેલ્લા ત્રણ



વર્ષથી બેંકની તમામ શાખાઓ નફો કરી રહી છે અને સતત ત્રણ વર્ષથી 0% નેટ એન.પી.એ. ધરાવતી દેશની સર્વપ્રથમ બેંક બની છે. બેંકનું સ્વભંડોળ રૂ.689.88 કરોડ, ધિરાણ રૂ.975.31 કરોડ અને થાપણો રૂા. 255.20 કરોડ જેટલી છે.

બેંકના ચેરમેનશ્રી ડોલરભાઈ કોટેચાએ બેંકના કાર્યવાહક મંડળના સભ્યો તથા બેંકના અધિકારીઓ અને કર્મચારીઓનો આભાર માન્યો હતો અને અત્યાર સુધીનો વિક્રમી નફો થવા બદલ અધિકારી/કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# સુગર ઉદ્યોગ રૂ.1.3 લાખ કરોડનો આંક પાર કરી ગયો

નવી દિલ્હી : ભારતનો ખાંડ-સુગર ઉદ્યોગ-ક્ષેત્ર હવે વાર્ષિક રૂ. 1.3 લાખ કરોડનો આંક પાર કરી ગયો છે અને એમાં ગ્રામીણ વિકાસ, ઉર્જા સ્વતંત્રતા અને ગ્રીન ઈંધણ ઉત્પાદનમાં મુખ્ય ભૂમિકા ભજવે છે, એમ કેન્દ્રિય ખાદ્ય મંત્રીશ્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું હતું. સહકારી ખાંડ ઉદ્યોગ સંમેલન 2025 અને રાષ્ટ્રીય કાર્યક્ષમતા પુરસ્કાર સમારોહમાં બોલતા, શ્રી જોશીએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ નીતિગત સુધારાઓને આ ક્ષેત્રમાં પરિવર્તન લાવવાનો શ્રેય આપ્યો હતો.

તેમણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતનો ખાંડ ઉદ્યોગ વાર્ષિક રૂ.1.3 લાખ કરોડ સુધી વિકસ્યો છે, ઈંથેનોલ મિશ્રણ અને ઈંધણમાં આત્મનિર્ભરતા જેવા સુધારાઓ દ્વારા ગ્રામીણ સમૃદ્ધિ, ઉર્જા સુરક્ષા અને



ભારતની ઈથેનોલ ઉત્પાદન ક્ષમતા છેલ્લા 11 વર્ષમાં ચાર ગણાથી વધુ વધીને વાર્ષિક 1810 કરોડ લિટર થઈ

ગ્રીન પાવરને પ્રોત્સાહન આપ્યું છે. કોન્ક્લેવનું આયોજન નેશનલ ફેડરેશન ઓફ કો-ઓપરેટિવ સુગર ફેક્ટરીઝ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ભારતભરની તમામ સહકારી ખાંડ ફેક્ટરીઓ અને રાજ્ય સહકારી ખાંડ ફેડરેશનના સભ્યો છે. એક વરિષ્ટ અધિકારીએ નોંધ્યું હતુ કે, ભારતની ઈથેનોલ ઉત્પાદન ક્ષમતા છેલ્લા 11 વર્ષમાં ચાર ગણાથી વધુ વધીને વાર્ષિક 1810 કરોડ લિટર થઈ છે.

પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ પણ 2013માં 1.53 ટકાથી વધીને હવે લગભગ 9 ટકા થયું છે, જેના પરિણામે વિદેશી હૂંડિયામણની રૂ.1.10 લાખ કરોડથી વધુ બચત થઈ છે અને શેરડી અને ખાદ્યાન્ન ખેડૂતો માટે વળતરમાં વધારો થયો છે.

## સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરત(બારડોલી)ના ઉપક્રમે

# અર્બન કો—ઑપરેટિવ ક્રેડિટ સોસાયટીના કલાર્ક કેડરના કર્મચારીનો છ દિવસીય તાલીમવર્ગ યોજાયો

સૂરત : ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદની સહકારી શિક્ષણ તાલીમ યોજના અંતર્ગત સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરત (બારડોલી)ના ઉપક્રમે સૂરત શહેર, સૂરત/તાપી જિલ્લાની અર્બન કો-ઑપરેટિવ ક્રેડિટ સોસાયટીના કલાર્ક કેડરના કર્મચારીઓનો તાલીમવર્ગ તા. 16/06/2025 થી તા. 21/06/2025 દરમિયાન સૂરત- તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. "સુમૂલ ડેરી" સુરતના ઓડિટોરીયમ હોલમાં યોજાયો હતો.

આ તાલીમવર્ગનું ઉદ્ઘાટન સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરતના માનદમંત્રી શ્રી રમણભાઈ અંબેલાલ પટેલ, સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરતના ડિરેક્ટરશ્રી ગોરધનભાઈ લાઠીયા, શ્રી શ્રમદીપ અર્બન કો-ઑપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ. ના મંત્રીશ્રી જીવરાજભાઈ ગોધાણી, સૂરત જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ભાવેશભાઈ પટેલે કર્યું હતું.

સુરત જિલ્લામાં ક્રેડિટ સોસાયટીઓ ખૂબ જ પ્રમાણમાં કામગીરી કરી રહી છે ત્યારે પ્રાઈવેટ બેંકો સહકારી બેંકો અને અન્ય ફાઈનાન્સ કરતી સંસ્થાઓ સામેની હરીફાઈમાં ટકવા અને મજબૂત થવા માટે કો-ઑપરેટિવ ક્રેડિટ સોસાયટીઓએ અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ અને તેની સેવાઓ સભાસદોને પૂરી પાડવા આપણે સૌએ પણ સજાગ રહેવું પડશે. અંતે તાલીમનું મહત્વ સમજાવી તાલીમાર્થીઓને ક્રેડિટ સોસાયટીઓના વિકાસમાં સહભાગી બનવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

શ્રી શ્રમ-દીપ અર્બન કો-ઑપરેટિવ સોસાયટી લિ. ના મંત્રીશ્રી જીવરાજભાઈ ગોધાણીએ ક્રેડિટ સોસાયટીઓમાં એકાઉન્ટન્ટનું મહત્વ, ધી સૂરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક લિ.ના સાયબર સિક્યોરિટી મેનેજર શ્રી ધવલભાઈ પટેલે સાયબર સિક્યોરિટી નાફકબના ડિરેક્ટરશ્રી, ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંક ફેડરેશનના ડિરેક્ટરશ્રી, સ્કોબાના વાઈસ ચેરમેનશ્રી કાનજીભાઈ ભાલાળાએ લાઈફ મેનેજમેન્ટ, રીટાયર્ડ જોઈન્ટ રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગાંધીનગર શ્રી જે. જે. શાહે સહકારી હતી. આ પ્રસંગે સુરત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ,(હાઉસિંગ) શ્રી જાસ્મીનબેન કાકડીયા હાજર રહ્યાં હતાં.

સૂરત જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ભાવેશભાઈ પટેલે તાલીમાર્થીઓના પ્રતિભાવો મેળવી જરૂરી માહિતી આપી હતી. સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરતના માનદમંત્રી શ્રી રમણભાઈ અંબેલાલ પટેલ, સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરતના ડિરેક્ટરશ્રી ગોરધનભાઈ લાઠીયાએ છ દિવસની તાલીમ લેવા



કાયદાની અગત્યની જોગવાઈઓ અને રજિસ્ટ્રારના પરિપત્રો, શ્રી પૂર્વિબેન મહેતાએ કોમ્યુનિકેશન અને હાઉ મેની કલર્સ ઓફ હ્યુમન બિહેવિયર, શ્રી ટે. ગો. પટેલ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, કામરેજના પ્રિન્સિપાલશ્રી સુધીરભાઈ દવેએ સહકારી મંડળીઓનું વહીવટી માળખું, જેવા વિષયો ઉપર મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ 2025ની ઉજવણીના ભાગરૂપે તમામ તાલીમાર્થીઓએ યોગ કર્યા હતા અને સુમૂલડેરી પ્લાન્ટની પણ મુલાકાત લીધી બદલ તાલીમાર્થીઓને બિરદાવ્યા હતા અને સંસ્થા માટે મેળવેલ જ્ઞાનનો ઉપયોગ કરવા જણાવ્યું હતું.

સદર તાલીમવર્ગમાં 47 જેટલી અર્બન કો- ઓરેટિવ ક્રેડિટ સોસાયટીઓના 60 જેટલા કલાર્ક કેડરના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક તાલીમ મેળવી હતી. તાલીમવર્ગનું સંચાલન સૂરત જિલ્લા સહકારી સંઘના મહિલા સી.ઈ.આઈ. શ્રી પાર્વતીબેન પટેલે કર્યું હતું. આભારવિધિ સૂરત જિલ્લા સહકારી સંઘના સી.ઈ.આઈ. શ્રી વિજયભાઈ ચૌધરીએ કરી હતી.

# શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી, પંડવાઈને બેસ્ટ ફાયનાન્સિયલ મેનેજમેન્ટ કેટેગરીમાં બીજા ક્રમનો એવોર્ડ મળ્યો

અંકલેશ્વર : નવી દિલ્હી ખાતે નેશનલ ફેડરેશન ઓફ કો-ઓપરેટિવ સુગર ફેક્ટરીઝ દ્વારા ડૉ. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે ભારત સરકારના કેન્દ્રીય મંત્રીશ્રી પ્રહલાદ જોશી અને કેન્દ્રીય રાજ્ય મંત્રીશ્રી નિમુબેન બાંભણિયાજી તથા ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અને ઋષિહુડ યુનિવર્સિટી, હરિયાણાના કુલપતિશ્રી સુરેશ પ્રભુજી તેમજ હરિયાણાના સહકાર મંત્રીશ્રી અરવિંદકુમાર શર્માની ઉપસ્થિતિમાં સહકારી ખાંડ ઉદ્યોગ સંમેલન-2025 અને 'રાષ્ટ્રીય કાર્યક્ષમતા પુરસ્કાર' સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમારોહમાં હાંસોટની શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિમિટેડ, અંકલેશ્વર પંડવાઈના ચેરમેન અને હાંસોટના ધારાસભ્યશ્રી ઈશ્વરસિંહ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને પંડવાઈ સુગરને વાર્ષિક કાર્યક્ષમતા પુરસ્કાર 2023-24 હેઠળ બેસ્ટ ફાયનાન્સિયલ મેનેજમેન્ટ કેટેગરીમાં દેશમાં બીજા ક્રમનો એવોર્ડ પ્રાપ્ત થયો હતો.

ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સુગર મંડળીના ચેરમેન અને ધારાસભ્યશ્રી ઈશ્વરસિંહ પટેલને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ સિદ્ધિ સંસ્થાનાં ચેરમેન અને અંકલેશ્વર-હાંસોટનાં ધારાસભ્યશ્રી ઈશ્વરસિંહ પટેલ, વાઈસ ચેરમેનશ્રી અરવિંદભાઈ પટેલ, તમામ ડિરેક્ટરો સુગરના કર્મચારીઓ, સભાસદો અને ખેડૂતોની સામૂહિક કાર્યક્ષમતા અને વિશ્વાસનું પરિણામ છે.




આંતરરાષ્ટ્રીય સહકારી...... પાના નંબર : 4નું અનુસંધાન

જેટલા દેશોનું પ્રતિનિધિત્વ ધરાવતાં સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુનો)એ વિશ્વમાં વિવિધ દેશના ટકાઉ આર્થિક વિકાસમાં સહકારી મોડેલના મહત્વને સ્વીકાર્યું છે અને 13 વર્ષના ટૂંકાગાળામાં 2025ના વર્ષને આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ તરીકે જાહેર કર્યું છે. જે સહકારિતાના મહત્વને ઉજાગર કરે છે.

ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર,મહેસાણાના પ્રિન્સિપાલશ્રી અલ્પેશભાઈ રાવલે બેન્કિંગ-ક્રેડિટ સોસાયટીમાં કૃષિ-બિનકૃષિ ધિરાણ માળખું, સહકારી માળખાને મજબૂત કરવા માટેના કેન્દ્ર સરકારના 54 મુદ્દાઓ, જેવી બાબતો ઉપર ગહન માહિતી માર્ગદર્શન આપ્યા હતાં. ફેડરેશનના સી.ઈ.ઓ. શ્રી દુષ્યંતસિંહ વાઘેલાએ ફેડરેશનની સ્થાપના અને તેના વિકાસમાં સહકારી અગ્રણીશ્રી ઘનશ્યામભાઈ અમીનનો સિંહફાળા વિશે તથા સહકારી વર્ષના પાંચ દિવસની ઉજવણીના સમયમાં વિવિધ કાર્યક્રમો કરવાની માહિતી આપી હતી.સરતનભાઈ ચૌહાણ તથા મુકેશભાઈ પરમારે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. સેમિનારમાં ગરબાડાના ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઈ ભાભોર,સંઘના ડિરેક્ટરશ્રી યોગેન્દ્રભાઈ પાઠક,સુરપાલભાઈ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સ્વાગત પ્રવચનમાં દાહોદ જિલ્લા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનના ચેરમેનશ્રી ગોપાલભાઈ ધાનકાએ જણાવ્યું હતું કે, શોષણવિહિન સમાજ માટે ક્રેડિટ સોસાયટીઓ આશીર્વાદરૂપ છે.સેમિનારનું સંચાલન તથા આભારવિધિ જિલ્લા સંઘના સાબિરભાઈ શેખે કરી હતી.

# ગોંડલ નાગરિક સહકારી બેંકની 70મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

ગોંડલ : ગોંડલની 61 હજારથી પણ વધુ સભાસદો ધરાવતી નાગરિક સહકારી બેંક દ્વારા કડવા પટેલ સમાજ વાડી ખાતે 70મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. સાધારણ સભાની શરૂઆત પહેલાં વિમાન દુર્ઘટનાગ્રસ્તમાં મૃત્યુ પામેલા પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિતના દિવંગત આત્માઓને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

ગોંડલ નાગરિક બેંકના ચેરમેનશ્રી અશોકભાઈ પીપળિયાએ જણાવ્યું હતું કે છેલ્લા ચાર વર્ષથી બેંક દ્વારા રેકોર્ડ બ્રેક નફો કરાયો છે. પહેલા બેંકની ફિક્સ ડિપોઝિટ 355 કરોડ હતી, જે વધીને આજે 370 કરોડે પહોંચી છે; જ્યારે ધિરાણ 223 કરોડે પહોંચ્યું છે. શ્રી અશોકભાઈ પીપળીયાએ બેંકની ઉત્તરોતર પ્રગતિ અંગે સભાસદો, વેપારીઓ તથા જનતાનો સાથ સહકાર હોવાનું જણાવી આભાર માન્યો હતો. જમ્મુ કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલ આતંકવાદી હુમલાની ઘટના બાદ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઓપરેશન સિંદુરમાં ભારતીય સૈન્ય દ્વારા એર સ્ટ્રાઈક કરી આંતકી અડ્ડાનો ખાતમો બોલાવી દીધો હતો. ત્યારે નાગરિક બેંકના ચેરમેનશ્રી અશોકભાઈ પીપળીયા દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું સિંદૂરના રોપાથી સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત બાર એસોસિએશનના પ્રમુખશ્રી સાવનભાઈ પરમારનું શાલ ઓઢાડી પૂર્વ ધારાસભ્યશ્રી જયરાજસિહ જાડેજાનાં હસ્તે સન્માન કરાયું હતું. બેંકનાં એમ.ડી. શ્રી પ્રફુલભાઈ ટોળીયા દ્વારા બેંકની પ્રગતિ અંગે વિસ્તૃત વાત માહિતી આપવામાં આવી હતી.

આંતરરાષ્ટ્રીય સહકારી...... પાના નંબર : 4નું અનુસંધાન

સંસ્કૃતિ અને સંસ્કાર બનાવવાનો અનુરોધ કર્યો હતો. આ ભાવનાને કાશ્મીરથી કન્યાકુમારી અને દ્વારકાથી કામાખ્યા સુધી દરેક જિલ્લા, દરેક તાલુકા અને દરેક ગામડે પહોંચાડવામાં આવશે તો સહકારિતા ક્ષેત્ર મજબૂત બનશે.

સહકારિતા મંત્રાલયની સ્થાપના બાદ દેશમાં થયેલી 60 પહેલ પાંચ પી' આધારિત હોવાનું જણાવતાં શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે, 'પાંચ પી'માં પ્રથમ પી એટલે પર્સન જે દેશના લાભાર્થી જનતા છે, બીજો પી એટલે પેક્સ જે પ્રાથમિક સહકારી મંડળીઓ છે, ત્રીજો પી એટલે ડિજિટલ અને નેશનલ પ્લેટફોર્મ પર સહકારની ગતિવિધિઓ માટે કામ થયું છે, ચોથો પી એટલે પોલિસી અને પાંચમો પી એટલે પ્રોસ્પેરિટીમાં એક વ્યક્તિ માટે નહીં પરંતુ સમગ્ર સમાજની સંપદા માટે કામ કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના પ્રારંભમાં અમૂલ ફેડરેશનના ચેરમેનશ્રી શામળભાઈ પટેલે મહાનુભાવોનું સ્વાગત કરીને ડેરી ક્ષેત્રે અમૂલના પ્રદાન વિશે જાણકારી આપી હતી.

સહકાર યુનિવર્સિટી...... પાના નંબર : 1નું અનુસંધાન

યોજનાઓને જમીન પર ઉતારવાનું કામ પણ આ યુનિવર્સિટી કરશે. જેથી સમગ્ર વિશ્વમાં સહકારિતાનો ગઢ ભારતમાં બનશે.

દરમિયાન મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, આજનો આંતરરાષ્ટ્રીય સહકારી દિવસના પાવન અવસરે ત્રિભુવન સહકારી યુનિવર્સિટીના નિર્માણ માટેના ખાતમુહૂર્તનો ઐતિહાસિક પ્રસંગ આણંદની ધરતી પર ઉજવાયો છે. જે ભારતના સહકારી ઇતિહાસમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિરૂપ છે. આ યુનિવર્સિટી દેશની પ્રથમ સહકારી યુનિવર્સિટી તરીકે સહકાર ક્ષેત્રમાં નવા યુગની શરૂઆત કરશે. આ ઉત્કૃષ્ટ પહેલથી સહકારી ક્ષેત્રને શૈક્ષણિક, સંશોધન અને નીતિ નિર્માણના સ્તરે મજબૂત પાયા મળશે, જે નવા યુગની સહકારિતા સંસ્કૃતિનું નિર્માણ કરશે. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ NCERTના સહકારિતા અંગેના પાઠ્યપુસ્તકના બે મોડ્યુલનું વિમોચન કર્યું હતું. પ્રારંભમાં ત્રિભુવન સહકારી યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડો.જે. એમ.વ્યાસે સર્વેનું સ્વાગત કરતાં યુનિવર્સિટી દ્વારા શરૂ કરાયેલા ત્રણ અભ્યાસક્રમ વિશેની માહિતી આપી હતી. આ પ્રસંગે કેન્દ્રીય સહકાર રાજ્યમંત્રીશ્રી કૃષ્ણપાલ અને શ્રીમુરલીધર મોહોલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી, રાજ્યના આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ, સહકાર રાજ્યમંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડિજિટલ અવેરનેસ..... પાના નંબર : 4નું અનુસંધાન

આંતરાષ્ટ્રીય સહકારિતા દિવસ અને આંતરરાષ્ટ્રિય સહકાર વર્ષ 2025 અંગે માહિતી આપી ડિજિટલાઈઝેશનના ફાયદા અને ગેરફાયદાઓ અને સહકારી સંસ્થાઓનું સામાજિક ઉત્તર દાયિત્વ અંગે માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય સહકારી દિવસે ભારતમાં સહકારી યુનિવર્સિટી બનાવવામાં આવી રહી છે. જે સહકારી પ્રવૃત્તિનો ટર્નિંગ પોઈન્ટ છે. ભારતમાં સહકારી પ્રવૃત્તિ સંસ્કૃતિ છે.

ગુજરાત રાજ્ય સહકારી સંઘ દેશમાં મોડેલ ટેક્નોલોજીમાં સૌથી આગળ છે. પોતાના વિડીયો કોન્ફરન્સ રૂમમાંથી જ આ કાર્યક્રમ થઈ રહ્યો છે તે માટે રાજ્ય સહકારી સંઘને અભિનંદન આપી વેમનીકોમના પૂર્વ પ્રોફેસરશ્રી અનિલ કરંજકરે ડિજિટલ અવેરનેસ દ્વારા જનજન સુધી સહકારથી સમૃદ્ધિને કેવી રીતે પહોંચાડી શકાય તે અંગે માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, ડિજિટલાઈઝેશનમાં સાવધાની રાખી આગળ વધવું જોઈએ.

મહાવીર કોલેજ, પૂનાના પૂર્વ પ્રોફેસરશ્રી રૂપાબેન શાહે સહકારથી સમૃદ્ધિ અંગે માર્ગદર્શન આપતા સહકારી પ્રવૃત્તિને મજબૂત બનાવવા જણાવ્યું હતું. જ્યારે રાજ્ય સહકારી સંઘના માહિતી અધિકારીશ્રી સી.જે. દવેએ સહકારી સંસ્થાઓની સફળગાથાઓ અંગે માર્ગદર્શન આપી આભાર વિધિ કરી હતી.

# આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ-2025 નિમિત્તે દાહોદ મુકામે સહકારી બેન્કિંગ અને ક્રેડિટ સોસાયટીઝ સેમિનાર યોજાયો



દાહોદ : આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ-2025 અંતર્ગત ગુજરાત રાજ્ય સહકારી સંઘ,અમદાવાદ, ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ.અમદાવાદ, દાહોદ જિલ્લા સહકારી સંઘ અને દાહોદ જિલ્લા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનના સંયુક્ત ઉપક્રમે એ.પી.એમ.સી.દાહોદ મુકામે તારીખ 29/06/2025ના રોજ જિલ્લા કક્ષાનો કો-ઓપરેટિવ બેન્કિંગ અને ક્રેડિટ સોસાયટીઝ સેમિનાર યોજાયો હતો.

સેમિનારનુ દીપ પ્રગટાવી ઉદઘાટન દાહોદના ધારાસભ્યશ્રી કનૈયાલાલ બી.કિશોરીએ કર્યુ હતુ. સેમિનારના પ્રમુખશ્રી અને દાહોદ જિલ્લા સહકારી સંઘના ચેરમેનશ્રી કલસિંગભાઈ ટી. મેડાએ જણાવ્યું હતું કે, દાહોદમાં ઠક્કરબાપાની પ્રેરણા અને પ્રયત્નોથી સહકારી પ્રવૃત્તિ ફૂલીફાલી છે. જે ગરીબોને શોષણમાંથી મૂક્તિ અપાવવા ઉદભવી છે. દાહોદમાં નાનાં વેપારીઓ અને નાના વર્ગને શાહૂકારોના શોષણમાંથી છૂટકારો અપાવવામાં સહકારી બેંકો અને ક્રેડિટ સોસાયટીઓનો મહત્તમ ફાળો છે. વિના સહકાર નહીં ઉધ્ધારના સૂત્રને આપણે સાકાર કરવાનું છે.

સેમિનારના અતિથિવિશેષ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, દાહોદના વાઈસ ચેરમેનશ્રી કૈલાશભાઈ ખંડેલવાલાએ જણાવ્યું હતું કે વિશ્વમાં ભારતના સહકારી ક્ષેત્રને વિશ્વગુરૂ બનાવવા માટે સહકારી માળખાને મજબૂત બનાવવું પડે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના સહકાર સે સમૃધ્ધિના સ્વપ્નોને પણ સાકાર કરવાના છે. જો કે સહકાર મંત્રાલયની રચના પછી સહકારી કાયદામાં ફેરફાર કરીને તથા સહકારી ક્ષેત્રને એકમંચ ઉપર લાવીને સહકારી ક્ષેત્રને મજબૂત કરવાના સરાહનીય પ્રયાસો થયા છે.

અતિથિવિશેષ દાહોદ અર્બન કો-ઓપરેટિવ બેંકના ચેરમેન શ્રી શ્રેયંશભાઈ શેઠે જણાવ્યું હતું કે, સંસ્કૃત્તિનું અભિન્ન અંગ એટલે સહકારી ક્ષેત્ર. જેમાં જનકલ્યાણની ભાવના વણાયેલી છે.

ગુજરાત રાજ્ય સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર ડો. રાજેન્દ્ર ત્રિવેદીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આપણને ગર્વ થવો જોઈએ કે આપણે સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયેલા છીએ. ભારતમાં સફળ સહકારી નેતાગીરીને કારણે સહકારી પ્રવૃત્તિનો વ્યાપ વધતો જાય છે.આવા સમયે યુનોએ અગાઉ વર્ષ 2012 અને હાલ વર્ષ 2025ને સહકારિતા વર્ષ જાહેર કર્યુ છે જે સહકારી ક્ષેત્રની મહત્તા કહી શકાય. સામ્યવાદી દેશો પણ હવે સહકારી પ્રવૃત્તિના મહત્વને સ્વીકાર્યું છે. અને તેમના દેશોમાં તેનો સ્વીકાર કરતા થયા છે. કોરોના કાળમાં જ્યારે મોટી-મોટી કંપનીઓ ખોટમાં ચાલતી હતી ત્યારે સહકારી સાહસો એ માત્ર એવા હતાં કે આવા કપરા કાળમાં પણ નફો કરતાં હતાં. ઈફ્કો, અમૂલ, કૃભકો જેવી સહકારી સંસ્થાઓએ એ ફલિત કરી દીધું છે કે લોકોની નાની મોટી જરૂરિયાતો પૂરી કરવામાં સહકારી પ્રવૃત્તિનો બીજો કોઈ વિકલ્પ નથી. તેમણે વધુમાં જણાવ્યુ હતું કે, સહકારી પ્રવૃત્તિ માણસને ઘડે છે. ઉદ્યોગપતિઓ તૈયાર કરે છે. સહકારી ધિરાણ મંડળીઓ સમાજ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ પણ નિભાવે છે; જે લોકોને નાના મોટા પ્રસંગોમાં ધિરાણથી માંડીને શાળા-કૉલેજના પુસ્તકાલયો, પીવાના પાણીના ટાંકા,રોડ-રસ્તાના કામો તેમજ બાંકડા અને અન્ય સમાજસેવી પ્રવૃત્તિ પણ કરે છે.દેશના સહકાર મંત્રીશ્રીનું વિઝન છે કે દેશમાં 2 લાખ પેક્સ ઊભી કરવી છે જેમાં મલ્ટીપર્પઝ સોસાયટીઓ વધુ હોય, સિક્કીમમાં દરેક ગામમાં આવી મલ્ટીપર્પઝ સોસાયટીઓ ચાલે છે જે ગ્રાહકની દરેક જરૂરિયાત એક જ દૂકાનેથી પૂરી થાય છે. આમ લોકો ઉપયોગી કામો માટે સહકારી પ્રવૃત્તિ ઉત્તમ માધ્યમ છે.

ફેડરેશનના માનદમંત્રીશ્રી હર્ષદભાઈ શાહે સેમિનારનીં વિસ્તૃત માહિતી આપતાં જણાવ્યુ હતું કે 183

અનુસંધાન પાના નંબર : 3

### ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ-2025ના ઉપલક્ષમાં

# ડિજિટલ અવેરનસ વેબિનાર સહકારથી સમૃદ્ધિને જનજન સુધી પહોંચાડવી

અમદાવાદ : આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષના ઉપલક્ષ્યમાં ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ દ્વારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સહકારી આગેવાન અને રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીનના માર્ગદર્શન અને ઉદ્દઘાટક પદે ડિજિટલ અવેરનસ વેબિનાર તા. 4-07-2025ને શુક્રવારના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં તજજ્ઞ તરીકે નાફકબના ડિરેક્ટરશ્રી, ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેન્ક ફેડરેશનના ડિરેક્ટરશ્રી અને સ્કોબાના વાઈસ ચેરમેનશ્રી, વરાછા બેન્કના પૂર્વ ચેરમેન અને પ્રસિદ્ધ કટાર લેખકશ્રી કાનજીભાઈ ભાલાળા, વેમનીકોમના પૂર્વ પ્રોફેસરશ્રી અનિલ કરંજકર અને મહાવીર કોલેજ, પૂનાના પૂર્વ પ્રોફેસરશ્રી રૂપા શાહ અને સહકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ વેબિનારમાં જોડાયા હતા.



આ વેબિનારમાં સહકારી પ્રવૃત્તિની સફળગાથાઓ જનજન સુધી પહોચાડવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

રાજ્ય સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર ડૉ. રાજેન્દ્ર ત્રિવેદીએ પ્રાસંગિક પ્રવચનમાં સહકારી સંસ્થાઓમાં ડિજિટલાઈઝેશન અને અવેરનેસ અંગે માર્ગદર્શન આપતા ડેટાબેઝ વિશે માહિતી આપી ડેટાનું મહત્વ સમજાવ્યું હતું. ટેક્નોલોજીની અવેરનેસ સભાસદો સુધી પહોચાડવા અપીલ કરી હતી.

શ્રી કાનજીભાઈ ભાલાળાએ

અનુસંધાન પાના નંબર : 3

# કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે સાણંદ અને બાવળામાં સહકારી પ્રકલ્પોનું લોકાર્પણ કર્યું

અમદાવાદ : કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે સાણંદ અને બાવળા તાલુકામાં કુલ ચાર મુખ્ય કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. શ્રી શાહે બાવળા તાલુકાના આદરોડા ખાતે મોડલ કો-ઓપરેટિવ વિલેજ અંતર્ગત સેવા સહકારી મંડળી લિમિટેડ દ્વારા નવનિર્મિત સહકારી સંકુલનું લોકાર્પણ કર્યું હતું. આદરોડા ગામ ગાંધીનગર લોકસભા મતવિસ્તારનું પ્રથમ મોડેલ કો-ઓપરેટિવ વિલેજ બન્યું છે, જ્યાં એક જ સંકુલમાં સહકારી મંડળી, કો-ઓપરેટિવ બેન્ક, ગામનો કમ્યૂનિટી હોલ અને આરોગ્ય કેન્દ્ર વિકસાવવામાં આવ્યા છે. તેમણે સાણંદ તાલુકાની જુવાલ પ્રાથમિક શાળા અને ફાંગડી ખાતે ગ્રામ પંચાયત ભવનનું લોકાર્પણ કર્યું હતું. શ્રી શાહે સાણંદ GIDCમાં તૈયાર કરાયેલા ઓક્સિજન પાર્ક ખાતે વૃક્ષારોપણ કર્યું હતું. આ ઉપરાંત શ્રી શાહે આ ઔદ્યોગિક વસાહતમાં એકમો ધરાવતા ઉદ્યોગકારો સાથે મળીને તેમના પ્રશ્નો અંગે ચર્ચા પણ કરી હતી.




### ગ્રામીણ ભારતની માથાદીઠ આવકમાં વધારો લાઈફસ્ટાઈલ પણ બદલાઈ ગઈ

# દેશના અર્થતંત્રમાં ગ્રામીણ ભારતનો ફાળો રૂા. 62 લાખ કરોડથી પણ વધી ગયો : કૃષિ ક્ષેત્ર હજુ ટોચ પર

નવી દિલ્હી : દેશમાં સમૃધ્ધિ ફક્ત મેટ્રો સીટીથી લઈને મહાનગરોમાં દેખાતી હોય છે પરંતુ વાસ્તવમાં ગ્રામીણ ભારત એ પણ હવે આર્થિક પ્રગતિનું એક મુખ્ય શક્તિ બની રહ્યાના સંકેત છે અને ગ્રામીણ વિસ્તારોમાં રહેતા 29.1 કરોડ ભારતીયો હવે તેમની જીવનશૈલીને બદલી રહ્યા છે. હાલમાં જ એક અહેવાલમાં દર્શાવાયું કે ગ્રામીણ ક્ષેત્રમાં જે રીતે સ્માર્ટ ફોનથી લઈ વાહન અને બ્રાન્ડેડ ઉત્પાદનો તેમજ જેને આધુનિક જીવનશૈલી સાથે સાંકળી શકાય તે પ્રકારની ખરીદી વધી છે અને તેનું મુખ્ય કારણ દેશના ગ્રામીણ ક્ષેત્રમાં પ્રતિ વ્યક્તિ આવક એ નવો રેકોર્ડ બનાવ્યો છે. દેશના 112 ગ્રામીણ જિલ્લામાં કરવામાં આવેલા સર્વેમાં જણાવાયું છે કે અહીં પ્રતિ વ્યક્તિ આવક 2000 ડોલર એટલે કે રૂા. 1.71 લાખથી પણ વધી ગઈ છે. જેના કારણે તેની જીવનશૈલી બદલાઈ રહી છે. આ રીપોર્ટ મુજબ મહારાષ્ટ્ર, કેરળ, તામિલનાડુ અને આંધ્રપ્રદેશ જેવા રાજ્યો પોતાના મજબૂત અર્થ વ્યવસ્થા અને યોજનાઓના અમલીકરણના કારણે તેના લાભો ગ્રામીણ વિસ્તારોમાં પહોંચી ગયા છે. દેશના જોકે બે ટોચના રાજ્યો ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશમાં સ્થિતિ અલગ છે અને ત્યાં હજુ ગ્રામીણ ક્ષેત્રમાં ગરીબી અને વૈભવી અથવા તો ઈચ્છીત નહીં તેવી જીવનશૈલી જોવા મળી રહે છે. જ્યારે અન્ય રાજ્યોમાં પરિસ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે. ગ્રામીણ અર્થવ્યવસ્થા ભારતમાં 61 લાખ કરોડનું યોગદાન આપી રહી છે. જોકે તેમાં કૃષિ ક્ષેત્રનું યોગદાન સૌથી મોટું છે અને તેમાં પ્રતિ વ્યક્તિ આવક વધારવામાં કૃષિએ પોતાનો ફાળો આપ્યો છે. અનેક રાજ્યોમાં આ આવક પ્રતિ વ્યક્તિ 3000 ડોલર 2.56 લાખ જેટલી પહોંચી ગઈ છે. ગ્રામીણ

### દેશના 112 જિલ્લાઓમાં કરાયેલા સર્વે મુજબ ગ્રામીણ ક્ષેત્રમાં પ્રતિ વ્યક્તિ આવક 1.71 લાખથી રૂા. 2.56 લાખ સુધી પહોંચી ગઈ : તામિલનાડુ મોખરે

ગ્રામીણ ઉદ્યોગ ક્ષેત્રનું મૂલ્ય 29 લાખ કરોડ સુધી પહોંચી ગયું છે જે 7.1 ટકાના દરે વધ્યું છે. જેમાં આ નિર્માણ એટલે કે બાંધકામ ક્ષેત્રનો ફાળો 8.7 ટકા, જીવન વ્યવસ્થાનો ફાળો 6.9 ટકા અને માઈનીંગનો ફાળો 13.5 ટકા જોવા મળી રહ્યો છે. પણ સૌથી વધુ ઔદ્યોગિક ક્ષેત્રનું યોગદાન 10.6 ટકા રહ્યું છે. જેમાં તામિલનાડુ પ્રથમ સ્થાને છે અને રાજસ્થાન બીજા સ્થાને વ્યવસ્થામાં જે રીતે વૃધ્ધિ થઈ છે તેનું મુખ્ય કારણ શહેરોની આસપાસના વિસ્તારોમાં વધેલી ઔદ્યોગિક અને કૃષિ આધુનિક પ્રવૃત્તિને પણ જવાબદાર ગણવામાં આવે છે. જેમાં હોટલ, રીયલ એસ્ટેટ અને નાણાકીય સેવાઓએ મહત્વની ભૂમિકા ભજવી છે અને તેમાં પણ તામિલનાડુ સૌથી આગળ છે જ્યારે આ પ્રકારની સેવાઓમાં મહારાષ્ટ્ર બીજા નંબરે છે.

### આણંદ અમૂલ ડેરી ખાતે કેન્દ્રીય સહકારિતા મંત્રીની ઉપસ્થિતિમાં સહકાર સંમેલન

# આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષમાં સહકારિતાનું વિસ્તરણ કરવાનો સંકલ્પ : શ્રી અમિતભાઈ શાહ




આણંદ : આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ 2025માં દેશમાં સહકારિતાનું વિસ્તરણ કરવાનો સંકલ્પ કર્યો હોવાનું કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે કેન્દ્રીય સહકારિતા મંત્રાલયના ચોથા સ્થાપના દિવસ નિમિતે આણંદ ખાતે આયોજિત સહકાર સંમેલનમાં જણાવ્યું હતું. આ પ્રસંગે સહકારી આગેવાનોને પારદર્શિતા, ટેકનોલોજીનો સ્વીકાર કરવા સાથે સભાસદોના હિતને કેન્દ્રમાં રાખવા અનુરોધ કર્યો હતો.

આણંદમાં અમૂલ ડેરી ખાતે સહકાર સંમેલનમાં કેન્દ્રીય મંત્રીશ્રી અમિતભાઈ શાહ તથા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં અમૂલ-ફેડરેશન દ્વારા રચાયેલી નવી ડેરી સહકારી સંસ્થા સરદાર પટેલ કો-ઓપરેટિવ ડેરી ફેડરેશન લિમિટેડ અને કચ્છ મીઠા ઉત્પાદક સહકારી મંડળીની જાહેરાતના નોંધણી પત્ર અર્પણ કરતાં લોગોનું અનાવરણ કરાયું હતું. કેન્દ્રીય મંત્રીશ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, ગતરોજ ત્રિભુવન સહકારી યુનિવર્સિટીનો શિલાન્યાસ કરવામાં આવ્યો. આજે દસ જેટલા પ્રકલ્પ અને જે પ્રત્યેક એક નવી અમૂલ બનાવી શકે તેવા પ્રકલ્પોની શરૂઆત કરવામાં આવી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નવા બે લાખ પેક્સ, સહકારી યુનિવર્સિટી, ડેટા બેઝ, ત્રણ રાષ્ટ્રીયકક્ષાની અનાજનું વેચાણ અને ઉત્પાદન માટે જોડાયેલી કો-ઓપરેટિવ તેમજ ત્રણ રાષ્ટ્રીયકક્ષાની ડેરી સેક્ટરની કો-ઓપરેટિવ મળીને આઠ જેટલી સંસ્થા દેશના સહકારિતાના આંદોલનને મજબૂત બનાવશે. સહકારી આગેવાનોને પોતાના કાર્યક્ષેત્રમાં પારદર્શિતા, ટેક્નોલોજી અને સભ્યોના હિતને કેન્દ્રમાં રાખીને કરવાના કામને

અનુસંધાન પાના નંબર : 3

## સહકારિતામાં ગુજરાત અગ્રેસર : શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, ગુજરાતે સ્વતંત્રતા સંગ્રામમાં અસહકાર આંદોલનની આગેવાની લીધી હતી અને આજે સહકારિતામાં પણ અગ્રેસર છે. રાજ્યનું સહકારી ક્ષેત્ર રૂ.ચાર લાખ કરોડનું ટર્નઓવર ધરાવે છે, 20 લાખથી વધુ નવા બેંક ખાતાં ખોલવામાં આવ્યાં છે અને રૂ.12000 કરોડથી વધુ થાપણો જમા થઈ છે. દૂધ ઉત્પાદનમાં રોજના 325 લાખ લિટરનો સંગ્રહ થાય છે અને મહિલા-સંચાલિત દૂધ મંડળીઓની સંખ્યામાં 21 ટકા તેમજ તેમની આવકમાં 43 ટકાનો વધારો નોંધાયો છે. પેક્સ દ્વારા ગ્રામીણ અર્થતંત્રને નવી ઊર્જા મળી છે, જે હવે પેટ્રોલ પંપ, જન ઔષધિ કેન્દ્રો, પાણીના પ્રોજેક્ટ્સ અને ડિજિટલ પેમેન્ટ જેવી સેવાઓ પૂરી પાડે છે.

# અર્બન કો-ઓપરેટિવ બેન્ક પોર્ટફોલિયો બેલેન્સમાં 2.9 લાખ કરોડને આંબ્યો

મુંબઈ : નેશનલ અર્બન કો-ઓપરેટિવ ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NUCFDC) અને ટ્રાન્સયુનિયન સિબિલએ સંયુક્તપણે સહકાર ટ્રેન્ડ્સ રિપોર્ટની પ્રથમ એડિશન 2025 ક્રેડિટની રજૂઆત કરી. અર્બન કો-ઓપરેટિવ બેન્કોએ CIBILને પૂરેલી માહિતીના આધારે તૈયાર થયેલ આ રિપોર્ટ મુજબ, માર્ચ-2025 સુધીમાં UCBsનું કુલ પોર્ટફોલિયો બેલેન્સ રૂા. 2.9 લાખ કરોડે પહોંચ્યો છે. જે માર્ચ 2020ની તુલનાએ છેલ્લા પાંચ વર્ષમાં તેમાં 1.8 ગણી વૃદ્ધિ થઈ છે. મુખ્ય ઉત્પાદન સેગમેન્ટોમાં પોર્ટફોલિયો બેલેન્સમાં ડબલ ડિજિટ વૃદ્ધિ જોવા મળી છે.

રિપોર્ટમાં જણાવ્યું કે, અર્બન કો-ઓપેટિવ બેન્કિંગ ક્ષેત્ર અદ્યતન ડિજિટલ પરિવર્તન અને આધુનિક કામગીરીઓ માટે અવકાશ ધરાવે છે તેમ જ ટેકનોલોજી-સંચાલિત નવેસરથી વૃદ્ધિના આગામી તબક્કા માટે સજ્જ છે. બેંકિંગ ક્ષેત્ર વર્ષ 2030 સુધીમાં વાર્ષિક ધોરણે 1.5 ટકાની વૃદ્ધિ કરશે એવી ધારણા હોવાથી UCBsને ભારતના સર્વસમાવેશક વિકાસના લક્ષ્યાંકો સાથે સુસંગત તરીકે જોવામાં આવે છે.

NUCFDCનાં સીઈઓ પ્રભાત ચતુર્વેદીએ જણાવ્યું કે UCBs લાંબા સમયથી વિશ્વાસ અને પાયાનાં સ્તરે સુલભતાનો આધારસ્તંભ છે. હાલ ડેટા-સંચાલિત ઉપયોગી જાણકારીઓ, ડિજિટલ માધ્યમો અને સંસ્થાગત ટેકા સાથે આ સંસ્થાઓ ધિરાણની સર્વસમાવેશક વૃદ્ધિના નવા યુગનું નેતૃત્વ કરે છે. UCBs કેવી રીતે વધારે મજબૂત થઈ રહી છે, જેમાં મુખ્ય UCBsમાં ધિરાણની વૃદ્ધિ માર્ચ, 2025 સુધી વાર્ષિક ધોરણે 7.4 ટકા જોવા મળી છે. કેપિટલ ટૂરિસ્ક-વેઈટેડ એસેટ્સ રેશિયો વધીને 18.0 ટકા થયો છે. અસ્કયામતની ગુણવત્તામાં પણ સકારાત્મક ઝોક જોવા મળ્યો છે.

# ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંક લિ.ની 55મી વાર્ષિક સાધારણ સભા




અમદાવાદ : ગુજરાતની અગ્રગણ્ય હરોળની મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ કો-ઓપરેટિવ બેંક, ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંક લિ.ની 55મી વાર્ષિક સાધારણ સભા તા.5 જુલાઈ, 2025 ને શનિવારનાં રોજ જે.બી. ઓડિટોરિયમ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન, પાંજરાપોળ, અમદાવાદ ખાતે બેંકના ચેરમેનશ્રી અંબુભાઈ એમ. પટેલના પ્રમુખ સ્થાને મળેલ, જેમાં બેંકના સભાસદોએ હાજરી આપી હતી.